# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકામાં ૫૨૩ થી વધુ આંગણવાડીનું થશે કાયકલ્પ

રાજ્ય સરકાર દ્વારા આઈ.સી.ડી.એસ. અંતર્ગત ચાલતા આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાયુક્ત અને આકર્ષક બનાવવાના હેતુથી સમગ્ર રાજ્યમાં 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ-૨૬' શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે સુરત મહાનગરપાલિકામાં ભૂલકાંઓને કલરફુલ વાતાવરણમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.સતત સુરત મહાનગરપાલિકામાં આઇ.સી.ડી.એસ વહીવટી તંત્રના સંકલનથી આંગણવાડીઓના ભૌતિક માળખાને સુધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

આંગણવાડીઓના આધુનિકરણ માટે હાથ ધરાયેલી આ ઝુંબેશ હેઠળ સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં કુલ ૭૮૧ આંગણવાડીઓ પોતાના સ્વતંત્ર મકાનધરાવે છે, જે પૈકી અત્યાર સુધીમાં ૪૨૩ આંગણવાડી કેન્દ્રોમાં નાના સમારકામની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.હાલના તબક્કે જિલ્લાના અન્ય આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણ અને સુધારણાની કામગીરી ખૂબ જ ઝડપથી પ્રગતિ હેઠળ છે, જેથી ટૂંક સમયમાં વધુ બાળકોને સુવિધાયુક્ત વાતાવરણનો લાભ મળી શકશે.આ ઝુંબેશ હેઠળ આંગણવાડીઓમાં આકર્ષક ફ્લોરિંગ, ચાઈના મોજેક, શૈક્ષણિક ચિત્રકામ અને રંગકામ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. સાથે જ બાળકોની સલામતી અને સુખાકારી માટે દરવાજાની જાળીઅને પીવાના પાણીની લાઈન જેવી પાયાની જરૂરિયાતો પૂરી પાડવામાં આવી રહી છે. સરકારશ્રીનો મુખ્ય હેતુ બાળકોને આંગણવાડીના કલરફુલ વાતાવરણ પ્રત્યે રુચિ જાગે અને તેઓ હસતા-રમતા પોતાનું પ્રારંભિક શિક્ષણ પૂરું કરે તેવો છે, જેના માટે સુરત મહાનગરપાલિકા માં આઈ.સી.ડી.એસ. ટીમ સતત કાર્યરત છે.


જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર



સમાચાર યાદી ન. ૫૮૭

તા. ૧૮/૦૨/૨૦૨૬


સુરત મહાનગરપાલિકા
નંદઘર


સુરત મહાનગર પાલિકા
નંદઘર